# શહેરમાં ઝરમર ઝરમર વરસાદ

**સેક્ટરોમાં પાણી ભરાયા : વાતાવરણ ખુશનુમા : ગઇકાલ રાતથી ઝરમર વરસાદથી નગરમાં ભીંજારાનો માહોલ એક ઇંચ પાણી ટપક્યુ : દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ધીમીધારે વરસાદ યથાવત જનજીવન પ્રભાવિત : મહત્તમ તાપમાનમાં ૫ ડિગ્રીનો ઘટાડો : વાતાવરણમાં ઠંડક પ્રસરી**





ગાંધીનગર તા ૧

શહેરમાં આખરે મેઘરાજાએ ધીમીધારેમહેર કરતા ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. શહેરમાં ગઈકાલ રાતથી ઝરમર વરસાદ વરસતા સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. આજે સવારે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા યથાવત રહયા હતા. આકાશમાં ઘેરાયેલા વાદળો વચ્ચે ઠંડા પવનની લહેરકીથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ગઈકાલ રાતથી સાંજ સુધીમાં એક ઈંચ વરસાદ વરસ્યો હતો. સેકટરોમાં વરસાદી માહોલ વચ્ચે નતનવી સમસ્યાઓ પણ ઉદભવી છે. મેઘમહેરથી હરિયાળી પ્રકૃતિમાં પણ નિખાર જોવા મળી રહયો છે. જયારે વરસાદી ભીંજારાની અસરથી નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. મહત્તમ તાપમાનમાં પણ ૫ ડી ગ્રીની ગિરાવટ આવતા વાતાવરણ ખુશનુમા બન્યુ હતુ.

શહેરમાં અત્યારસુધી મોસમનો ઈંચ વરસાદ થયો છે. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી સતત સંતાકુકડી રમતા મેઘરાજાના લીધે રોજબરોજ વરસાદની આશ ઠગારી નિવડતી હતી. મેઘરાજા મનમુકીને વરસે તે તરફ સૌ કોઈની મીટ મંડરાઈ હતી. જો કે ગઈકાલે રાત્રે વરસાદ ઝરમર વરસતા નગરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોના કોમન પ્લોટમાં તેમજ નિચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળી રહયો છે. શહેરના નવા સેકટરોમાં સે-૩ ના રીંગરોડ પર તેમજ સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર નજીકની ચોકડી કલેકટર કચેરી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ધીમીધારનો સાર્વત્રિક વરસાદ

**સમગ્ર જિલ્લામાં એકથી સવા ઈંચ જેટલો વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી : ખેડૂતો ખેતીકાર્યમાં વ્યસ્ત**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે ખેડૂતો આનંદવિભોર બની ગયા છે. સમગ્ર જિલ્લામાં દરેક તાલુકામાં સરેરાશ ૧ થી ૧। ઈંચ જેટલો વરસાદ છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન નોંધાયો છે.

ચોમાસાનો સમયસર આરંભ અને ખેતીને અનુકૂળ આવે તેવા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે મોડી રાતથી શરૂ થયેલો આ ફરફર વરસાદ સતત ચાલુ રહ્યો હતો. આ વરસાદથી જમીનમાં પાણી ઉતરી રહ્યુ છે તેમજ વાતાવરણમાં પણ ઠંડક જામી રહી હોવાથી ખેતી માટે આ સારો વરસાદ હોવાનુ ખેડૂતો માની રહ્યા છે.

જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન એકથી સવા ઈંચ જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે. કલોલમાં સારો વરસાદ નોંધાયો છે. જ્યારે ગાંધીનગર, માણસા અને દહેગામમાં સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

આ વરસાદથી જમીનમાં ભેજનુ તત્વ વધશે અને તેની સીધી અસર પાકના ઉગાવા પર જોવા મળશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન થઈ ગયુ છે.

જિલ્લામાં વરસાદની મોસમને લઈ વાતાવરણમાં પણ બદલાવ આવ્યો છે. વાતાવરણમાં ઠંડકનું પ્રમાણ વધવા પામ્યુ છે. જિલ્લાના ચારેય તાલુકામાં આ સિઝનમાં

● અનુસંધાન પાન-૭ પર



# નર્મદા મહોત્સવ સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો

**ગાંધીનગર તાલુકા સરપંચ એસો.એ કાર્યક્રમના બહિષ્કારનુ એલાન આપ્યુ હતુ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૬ઠ્ઠી જુલાઈથી હાથ ધરાનાર મા નર્મદા મહોત્સવની યાત્રાનો કાર્યક્રમ હાલ પુરતો સ્થગિત કરવામાં આવ્યો હોવાનુ જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ સરકાર દ્વારા હવે આ અંગે નવી તારીખો નિયત કરવામાં આવનાર હોવાથી હાલ પુરતો કાર્યક્રમ સ્થગિત કરાયો છે. રાજ્યમાં ચોમાસુ સક્રિય બન્યુ છે અને ગ્રામજનો ખેતીકાર્યમાં વ્યસ્ત વધુ હોવાથી આ કાર્યક્રમ હાલ પુરતો સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો હોવાનુ સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે.

દરમ્યાન ગાંધીનગર તાલુકા સરપંચ એસોસીએશને આ કાર્યક્રમનો બહિષ્કાર કરવા માટેનુ એલાન આપ્યુ છે. એસો.ના પ્રમુખ વિનોદભાઈ પટેલે જણાવ્યુ છે કે પંચાયતોમાં સરપંચોના અધિકાર પર સરકારે જે રીતે તરાપ મારી છે તેને લઈ આ કાર્યક્રમનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે.

નર્મદા મહોત્સવની યાત્રાનો કાર્યક્રમ સ્થગિત કરવા અંગે હજુ કોઈ સત્તાવાર જાહેરાત સરકાર તરફથી થઈ નથી પરંતુ જે રીતે વિરોધની વાતો આવી રહી છે તેને લઈ સરકાર દ્વારા એકાદ-બે દિવસમાં વિધિવત જાહેરાત કરાશે તેમ જાણવા મળેલ છે.

# ફેશન અને ટેક્નોલોજીની સાથે નૈસર્ગિક અને હાથ વણાટથી બનેલાં કપડાંની પણ માંગ

**ટેક્ષટાઈલ્સ ઈન્ડિયા-૨૦૧૭ પ્રદર્શન સ્થળે યોજાઈ ટેક્ષટાઈલ ઉદ્યોગના તજજ્ઞોની માહિતીસભર ચર્ચા**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતેના યોજાયેલા ટેક્ષટાઈલ્સ ઈન્ડિયા-૨૦૧૭ અંતર્ગત શણ આધારિત મ્યુનિસિપલ વેસ્ટ મેનેજમેન્ટ ટેક્નોલોજી, સ્ટાન્ડર્ડ ઈન ટેકનિકલ ટેક્ષટાઈલ્સ અને પ્લાન્ટ ફાયબર ઓન હિમાલયન ફૂટહિલ એટલે કે લિનન કાપડના ઉત્પાદન અને વ્યાપાર અર્થેના સેમિનારમાં ફેશન, ટેક્નોલોજી કે વૈશ્વિક વપરાશ જ નહીં પણ પ્રદૂષણ અટકાવનારા, કરકસરયુક્ત તથા સામાન્ય લોકો પણ જેને સરળતાથી અપનાવી શકે તેવા કાપડ નિર્માણની વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.

યુનિવર્સિટી ઓફ જ્યોર્જિયાના પ્રોફેસર ગજાનન ભટ્ટે જણાવ્યું હતું કે, ભારત સરકાર અને વસ્ત્ર મંત્રાલયના સહયોગથી હવે ભારતમાં જ્યુટનો વપરાશ વધ્યો છે. શણના કોથળા જે મોટે ભાગે અનાજ





ભરવા વપરાતું તે હવે કાર્ડ, કેલેન્ડર, બેગ, પડદા, નેપકિન્સ તથા પહેરવેશ તરીકે પણ વપરાય છે. અન્ય સિન્થેટિક કપડાં કરતાં તેની બનાવટ સરળ અને સસ્તી છે.

આઈઆઈટી મુંબઈના પ્રો. જે.એન. માંડલે જણાવ્યું હતું કે, સિન્થેટિક અથવા પ્લાસ્ટિકથી દૂર રહેતા અને પ્રાકૃતિક વસ્તુઓને પસંદ કરતા લોકો જ્યુટને મહત્વ આપે છે. જ્યુટ નૈસર્ગિક ઉત્પાદન છે. તેનું કોટિંગ અને બનાવટ અને તેના નિકાસની વ્યવસ્થા ખૂબ સરળ છે. જ્યુટ રીસાયકલ પણ કરી શકાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ટેક્ષટાઈલ્સ મેગા ટ્રેડ ફેર જાહેર જનતા માટે ખુલ્લો રહેશે

ગાંધીનગર, તા. ૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ટેક્ષટાઈલ્સ ઈન્ડિયા-૨૦૧૭ અંતર્ગત હેલિપેડ ગાંધીનગર ખાતે ભારતના પ્રથમ સૌથી વિશાળ મેગા ટેક્ષટાઈલ્સ ટ્રેડ ફેરનો શુભારંભ કરાયો છે. આ મેગાફેર આવતીકાલ તા. ૨જી જુલાઈ-૨૦૧૭, રવિવાર ના રોજ સવારના ૧૦ વાગ્યાથી રાત્રીના ૧૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે, જેનો બહુધા પ્રમાણમાં લાભ લેવા જણાવાયું છે.

હેલિપેડ ગ્રાઉન્ડ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે ૭૮,૦૦૦ ચો.મી વિસ્તારમાં યોજાયેલ આ મેગા ટેક્ષટાઈલ્સ ટ્રેડ ફેરમાં ૨,૫૦૦ જેટલાં ઈન્ટરનેશનલ બાયર્સ, ૧૫,૦૦૦ ડોમેસ્ટિક વિઝીટર્સ અને ૧,૦૦૦થી વધુ ઈન્ટરનેશનલ એન્ડ ડોમેસ્ટિક એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે. આ ટ્રેડ ફેરમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, આસામ, કર્ણાટક, ઝારખંડ અને તેલંગણા રાજ્યોના વિવિધ થીમ પેવેલિયન-સ્ટોલ્સ ગોઠવવામાં આવ્યા છે.



શહેરમાં ટ્રાફીક જામ - શહેરમાં સતત બીજા દિવસે ટેક્સટાઈલ્સ ઈન્ડિયાના મેગા ટ્રેડ ફેરને પગલે ટ્રાફીક જામના દશ્યો સર્જાયા હતા... શનિવારે સવારે ૧૦ થી ૧૨ દરમિયાન ચ-માર્ગ અને ઘ-માર્ગ ટ્રાફીકથી ધમધમતા નજરે પડ્યા હતા... સચિવાલય અને ઓફીસના ટાઈમની સાથો સાથ ટેક્સટાઈલ ફેરમાં ભાગ લેવા પહોંચી રહેલા પ્રતિનિધિઓ અને કારીગરોના વાહનોથી ટ્રાફીક જામ થયો હતો....

# પલીયડમાં ચુડવેલનો ઉપદ્રવ

કલોલ, તા. ૧

કલોલ તાલુકાના પલીડ ગામમાં ચુડવેલનો ઉપદ્રવ થતાં ગ્રામજનો પરેશાન પરેશાન થઈ ગયા છે. પલીયડના ઠાકોરવાસ સહિતના વિસ્તારોમાં ચુડવેલનો ઉપદ્રવ છેલ્લા બે દિવસથી થયો છે. આ મુદ્દે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી સહિતના અધિકારીઓનું ધ્યાન દોરી યોગ્ય પગલાં લેવા રજુઆત કરી છે.

ગ્રામ પંચાયતે પણ આ માટે જરુરી તકેદારી રાખવા લોકોને જણાવ્યું છે. ચુડવેલના આ ઉપદ્રવ અંગે અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.

# નબળુ પરિણામ ધરાવતી શાળાના આચાર્યો સાથે ડીઈઓની બેઠક યોજાશે

**ગત વર્ષના આયોજનના અંતે ૧૮ શાળાઓના પરિણામમાં સુધાર આવ્યો : શાળાના આચાર્યો અને શિક્ષકો સાથે પરામર્શના અંતે અસરકારક પગલા લેવાશે : ડી ઇ ઓ**

ગાંધીનગર તા ૧

માર્ચ -૨૦૧૭ માં લેવાયેલી ધોરણ -૧૦ ની પરીક્ષામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યોની સાથે જિલ્લા શિક્ષણાધિકારી બેઠક યોજશે. ગત વર્ષ દરમિયાન જિલ્લાની ૨૮ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચે હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ પરિણામની ટકાવારીમાં સુધાર આવ્યો હોવાનુ પણ શિક્ષણતંત્રએ

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ
શિક્ષક - વિદ્યાર્થીઓને કેનેડાના વિઝા મળવા બદલ અભિનંદન પાઠવે છે.



શૈક્ષણિક પ્રવાસની ઝાંખી
* આ પ્રવાસમાં ૨૫ જૂનથી ૧ લી જુલાઈ એમ સાત દિવસનો કાર્યક્રમ છે. જેમાં 'ફેનશો યુનિવર્સિટી' દ્વારા વિદ્યાર્થીઓને ૧૪ કલાકના શિક્ષણ અંતર્ગત શૈક્ષણિક વર્ગોનું આયોજન (સર્ટીફિકેટ કોર્ષ) કરવામાં આવેલ છે.
* કેનેડિયન સંસ્કૃતિ વિશે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જાણકારી.
* પાયોનીયર વીલેજ તેમજ દુનિયાનું અદ્ભુત સ્થળ 'નાયેગ્રા ફોલ' ની પણ મુલાકાત.

GANDHINAGAR International Public School
ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ
ગુજરાતી અને ઈંગ્લીશ મીડીયમ
UNIVERSITY OF CAMBRIDGE
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar - 382 620
Phone No : 079 23976821-22-23
Cell : +91 9925017160 | Web : www.gipschool.com
E-mail : gips.school@yahoo.com



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com